ગાંધીનગર સમાચાર

# પાલનપુરમાં પાટીદાર અનામત રેલીમાં પટેલોનો સૈલાબ

પાલનપુર, તા. ૬

પાલનપુરમાં આજે પાટીદાર અનામતરેલીમાં જિલ્લાભરમાંથી પટેલોનો જન સૈલાબ ઉમટી પડ્યો હતો. છેલ્લા ૧૦ દિવસથી સરદાર પટેલ ગ્રૃપ અને કડવા લેઉવા પટેલોને એકત્રીત કરવાની મહેનત રંગ લાવી હતી. પટેલોએ અનામત માટે રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

અમારૂ આંદોલન શાંત અને અહિંસક છે અને રહેશે. અમે શાંતિ દ્વારા જ રાજ્યના જ નહિ દેશના સર્વનું ધ્યાન કેન્દ્રીત કરી અહિંસક લડત થકી બંધારણમાં સુધારો કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ કરીશુ તેમ જિલ્લા સરદાર પટેલ સેવાદળના ઉપપ્રમુખ





કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમે અધર બેકવર્ડ ક્લાસ કમિશન સમક્ષ પણ જરૂર પડ્યે રજુઆત કરીશુ. સરદાર પટેલ સેવાદળ ગુજરાત એકમ દ્વારા જે નિર્ણય લેવામાં આવશે તે મુજબ આગામી કાર્યક્રમો યોજવામાં આવશે.

રેલીમાં પાટીદાર સમાજના ઉદ્યોગપતિઓ પણ જોડાયા હતા. પાટીદારોએ સરકાર બનાવી છતાં તેમને જ અન્યાય થઈ રહ્યો છે, હવે તો સીએમ જ નહી પરંતુ પીએમ પણ પાટીદાર જ હોવા જોઈએ તેવી પાટીદારોમાં ચર્ચાઓ ચાલતી હતી. રેલીમાં એક પાટીદાર આશરે ૧૨ થી ૧૫ તોલા સોનાના દાગીના પહેરીને આવ્યા હતા તેમજ ઘણા પાટીદાર યુવાનો મોંઘા બ્રાન્ડેડ શર્ટ-જીન્સ પહેરીને આવ્યા હતા. તે જોઈ નગરજનોમાં ચર્ચાઓ ચાલી હતી. રોજીંદા કાર્યો માટે અવરજવર કરતા નગરજનોને ભારે મુશ્કેલી પડી હતી અને એક નગરજન દ્વારા પોલીસ સાથે ચકમક ઝરી હતી.

પાલનપુર શહેરમાં આજે પાટીદારોની અનામતની માંગ સાથે શહેરના વિવાહ પાર્ટીપ્લોટમાં જાહેર સભા યોજાઈ હતી. જેમાં મંચ પરથી સમાજના આગેવાનોએ સભાને સંબોધિ હતી અને ગરીબ પાટીદારના કોઈ દિકરા-દીકરીએ અનામતના લાભ વગર નોકરી કે એડમિશન વગર રહી ન જાય તે માટે સરકારે આ હક આપવો જ પડશે અને નર્મદા ડેમ પર બની રહેલ વિશાળકાય સરદાર વલ્લભભાઈ પટેલનુ સ્ટેચ્યુ આલ્યો બનાવે કે માલ્યો પુતળુ તો મારા બાપનું જ બનાવવુ પડશે તેમ આગેવાનોએ જણાવ્યું હતું. આ આંદોલન ભાજપ કે કોંગ્રેસનું નહી પણ સમાજનું છે. આ રેલીમાં પૂર્વમંત્રી અમૃતલાલ પટેલ, મહેશ પટેલ, અશ્વિનભાઈ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પટેલ, શિવરામભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા અને રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

# પ્રાંતિજમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા નગરજનો પરેશાન

## રાત્રીના સમયે તસ્કરો તથા ઝેરી જનાવરોનો ભય રહીશોને સતાવે છે

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા સંચાલિત સ્ટ્રીટ લાઈટો રાત્રીના સમયે પ્રાંતિજના કેટલાય વિસ્તારમાં બંધ રહેતા નગરજનો દ્વારા રજુઆત કર્યા છતાં આજદિન સુધી સ્ટ્રીટલાઈટો ચાલુ ના થતાં નગરના રહિશોમાં રાત્રીના સમયે તસ્કરો તથા ઝેરી જનાવરનો ભય સતાવે છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રાત્રી દરમ્યાન નગરપાલિકા સંચાલિત સ્ટ્રીટલાઈટો છેલ્લા કેટલાય સમયથી અલગ અલગ વિસ્તારોમાં બંધ રહેતા નગરજનો દ્વારા વારે ઘડીએ રજુઆતો કરવા છતાં આજ દિન સુધી ના થતાં પાલિકાતંત્ર જાણે કાન બહેરા કરીને બેઠુ હોય તેવું હાલ તો નગરજનો જણાઈ રહ્યા છે. જ્યારે વાવાઝોડા સાથે આવેલ વરસાદના કારણે કેટલાય વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ થઈ હતી અને ત્યાર પછી સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે તાત્કાલિક ધોરણે વીજળી પાણી પ્રાથમિક જરૂરિયાત ગણી જે તે ડીપાર્ટમેન્ટ ઝડપથી સગવડ તાત્કાલિક ધોરણે આપવા કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. પણ પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત પ્રાંતિજમાં આવેલ કેટલાય વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ વાવાઝોડા સાથે ગયેલ કેટલાય સમયથી બંધ હોવા છતાં તંત્રને રહીશો દ્વારા રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ના થતાં જિલ્લા કલેકટરના આદેશનો પણ અનાદાર થતો હોય તેવું જણાઈ આવે છે અને નગરજનો વેરાઓ ભરવા છતાં માત્ર સામાન્ય પ્રાથમિક સુવિધાઓ પણ આપવામાં પાલિકા તંત્ર નિષ્ફળ છે.

તેવું હાલ તો જણાઈ આવે છે અને પ્રાંતિજના હરિઓમ પાર્ક સોસાયટી, ભાંખરીયા ટેકરા, બજારચોક, નાનીભાગોળ વગેરે વિસ્તારોમાં લોકોની વારે ઘડીએ રજુઆતો છતાં સ્ટ્રીટલાઈટો ચાલુ ના થતાં પાલિકા તંત્રની બેદરકારી કે મનમાની કરતુ હોય તેવું હાલ તો લાગી રહ્યું છે.



મેઘરજ તાલુકાના ગેડ પ્રાથમિક શાળાના ભુતપૂર્વ આચાર્ય સ્વ. પટેલ મોહનભાઈ વાલજીભાઈ (ઈસરી)ની પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારના પ્રકાશભાઈ તરફથી ગેડ પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૮ના ૨૦૦ બાળકોને તીથિભોજન આપવામાં આવ્યું હતું. (તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

# ડીસા-બનાસકાંઠામાં બીએસએનએલ ઈન્ટરનેટ સેવા ઠપ્પ

## છેલ્લા એક સપ્તાહથી ગામોમાં લેન્ડલાઈન, મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા ઠપ્પ

ડીસા, તા. ૬

બનાસકાંઠામાં અતિવૃષ્ટીમાં સહુથી વધુ અસર ટેલીફોન અને મોબાઈલ તેમજ ઈન્ટરનેટ સેવાને થઈ હતી. જેમાં અન્ય હરીફ કંપનીઓએ સહુ પ્રથમ ગ્રાહકોના હિતને નજર સમક્ષ રાખી માત્ર ૪૮ કલાક બાદ બંધ પડેલા મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા પુનઃ ચાલુ કરી હતી. જ્યારે સહુથી મોટી ગણાતી બીએસએનએલ કંપનીના હજારો ગ્રાહકો આજે વરસાદ બાદના સપ્તાહ પછી પણ મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા બંધ રહેતા ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અહી ગ્રાહકોએ વારંવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં થતા બીએસએનએલ સેવા ત્વરિત ચાલુ ન કરાય તો બીએસએનએલનો બહિષ્કારની ધમકી પીડિત ગ્રાહકો આપી રહ્યા છે.

આ વિષે બનાસકાંઠાના ટેલીકોમ મેનેજર એન.પી. દરજીએ માહિતી આપતા જણાવેલ કે 'તાજેતરના ભારે વરસાદે જિલ્લામાં બીએસએનએલ સેવાને ૧ કરોડ ૧૩ લાખ જેટલું દસ દિવસમાં નુકશાન કરેલ છે. ભારે વરસાદથી ૧૯૦ જેટલા મોબાઈલ ટાવરો બંધ થયા હતા. જેનાથી સેવામાં અસર થઈ હતી જો કે અમોએ અમદાવાદથી બંધ પડેલી સેવા યુદ્ધના ધોરણે ચાલુ કરવા ૩ ટીમો બોલાવી હતી અને મોટાભાગના ટાવરો પુનઃ ચાલુ કરાયેલ છે, જેમાં હવે જુજ કામગીરી બાકી રહી છે તે ત્વરિત ચાલુ કરાશે તેવું જણાવ્યું હતું. જોકે ભારે વરસાદે જિલ્લામાં બીએસએનએલ સેવા ગ્રામીણ વિસ્તારોમાં ખોરવાતા અઠવાડિયાથી લેન્ડ લાઈન ટેલિફોન અને બીએસએનએલ મોબાઈલ સેવા ઠપ્પ થતા અનેક ગામોનો સંપર્ક વ્યવહાર ખોરવાયો છે. આ મામલે ગ્રામજનોએ વારંવાર બીએસએનએલ ખાતાને લેખિતમાં ફરિયાદ કરી હોવા છતાં આજદિન સુધી રીપેરીંગ કામગીરી હાથ ન ધરાતા બીએસએનએલના રેઢિયાળ તંત્ર સામે લોકોમાં આક્રોશ ફેલાયો છે.

# બાયડ તાલુકાના વારેણા ગામે જન્મેલા બાળકને વિચિત્ર બિમારી માથાનુ વજન પાંચ કિલો

મોડાસા, તા. ૬

બાયડ નજીકના વારેણા ગામના વનરાજસિંહના ઘરે પત્નિની કુખે દિકરીનો જન્મ બાદ દિકરાનો જન્મ તો થયો પણ દિકરાના જન્મ સમયે જે ખુશી હતી તે ખરેખર ચિંતામાં ફેરવાઈ ગઈ. ચાર મહિના પહેલા તંદુરસ્ત જન્મેલા બાળકને આજે ચાર મહિના જેટલો સમય થઈ ગયો છે પરંતુ જન્મ બાદ આ બાળકને બાળકને હાઈડ્રોકથેલેસ નામની વિચિત્ર બિમારીના કારણે એટલે કે માથાના ભાગે પાણી ભરાવાના કારણે આ બાળકના માથાનો આકાર બદલાઈ ગયો અને બાળકના શરીરના વજન કરતાં માથાનુ વજન થઈ ગયુ ૫ કિલો. ત્યારે આ બીમારીના કારણે પુત્ર વધુ ને વધુ બેડોળ લાગતા પરીવારજનો ચિતામાં સરી પડયા હતા. ઠેકઠેકાણે તબીબોના અભિપ્રાયો, દવાઓ લેવા

**એનજીઓ, સંસ્થા કે સરકાર તરફથી આર્થિક સહાય કરવામાં આવે તો બાળકને નવુ જીવન મળી શકે તેમ છે**



છતાં આ બાળકની બીમારીમાં કોઈ સુધારો થયો નહી. વિચિત્ર બિમારીના કારણે શરીરનુ વજન માત્ર ૨ કિલો. પરંતુ માથાનુ વજન પાંચ કિલો થતાં એક વિચિત્ર બિમારીનો ભોગ બન્યો હોય તેવુ દેખાઈ રહયુ છે.

અરવલલી જીલ્લાના બાયડ તાલુકાના વારેણા ગામે રહેતા વનરાજસિંહ પરમાર ખેત મજુરી કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે. ત્યારે સુખી લગ્ન જીવન બાદ પત્નિ અનીતાની કુખે એક બાળકીનો જન્મ થયો હતો. ત્યારબાદ બીજા બાળક વખતે પુત્રનો જન્મ થતાં પરીવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. પરંતુ આ આનંદ ઝાજો દિવસ ન ટકતા જન્મેલા પુત્રના માથાના ભાગે ધીરે ધીરે ફેરફાર થવા માંડયો. હાથ અને પગની નસો ઝકડાઈ ગઈ અને જોત જોતામાં આ છતાં આ બાળકની બીમારીમાં કોઈ સુધારો થયો નહી. ત્યારે આજના આ યુગમાં મા-બાપ માટે તો બાળકને બીમારી હોય કે પછી ફુલ, જેવુ હોય બાળક એ બાળક જ છે. તે કયારેય બોજ બનતુ નથી તેમ આ બાળકની સારવાર કરાવી રહયા છે. જયારે આ પરીવારની આર્થિક સ્થીતી નબળી હોવાના કારણે સારી હોસ્પીટલમાં બાળકની સારવાર પણ કરાવી શકતા નથી. જો કોઈ એનજીઓ કે સરકાર તરફથી સહાય કરી આ બાળકને સારી હોસ્પીટલમાં સારવાર કરાવવામાં આવે તો આ બાળકને ચોકકસ નવુ જીવન મળે તેમ છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# બાળકોને ઝેરી બિસ્કીટ ખવડાવી મોતને ઘાટ ઉતારનાર પિતાને આજીવન કેદની સજા

મોડાસા, તા. ૬

કહેવાય છે કે 'મા એટલે મા અને બીજા બધા વગડા ના વા' અને પિતા એ ઘરનો આધાર સ્તંભ ગણાય છે. પરંતુ જયારે આધાર સ્તંભ જ પોતાના સગા દિકરા માટે યમરાજ બને તો ભલભલાને કંપારી છુટી જતી હોય છે.

આવો જ એક કિસ્સો મોડાસા તાલુકાના ગાજણ ગામે આજથી એક વર્ષ અગાઉ પ્રકાશમાં આવ્યો હતો. મોડાસાના ગાજણ ગામે હિંમતનગર તાલુકાના ભાથી ખત્રી ગામના જગતસિહ પુંજેસિંહ પરમાર નામના વ્યકતિનુ લગ્ન ગાજણ ગામે રહેતા દક્ષાબેન જોડે થયુ હતુ અને આ જગતસિંહના સુખી લગ્નજીવનમાં પત્નિની કુખે બે બાળકોનો જન્મ થયો હતો. જેમાં ૩ વર્ષીય પુત્ર ધવલ, ૨ વર્ષીય પુત્રી રાધાનો જન્મ થયો હતો. પરંતુ લગ્ન થોડાક વર્ષો બાદ જગતસિહ બેકાર રહેવાના કારણે કોઈ કામ ધંધો ન કરતાં ઘરનુ જીવન નિર્વાહ મુશ્કેલ બન્યુ હતુ. જેને લઈને પતિ અને પત્નિમાં અવાર-નવાર ઝગડાઓ થતાં હતા. ત્યારે આ ઝગડાઓથી કંટાળીને પોતાના પિયરમાં ગાજણ ગામે આવી ગઈ હતી. જેના ત્રણ દિવસ પછી આ જગતસિંહ પરમાર પણ પત્નિની પાછળ પાછળ પિયરમાં આવ્યો. ત્યારે આ યમરાજ પતિના મનમાં પહેલાથી જ પોતાના માસુમ બાળકોની નજરે જ મોતને ઘાટ ઉતારવાની યોજના ઘડી રાખી હોય તેમ બીજા દિવસે તારીખ ૬ એપ્રિલ ૨૦૧૪ના રોજ સવારે ગામમાં જઈ અને બીસ્કીટ લઈ આવ્યો હતો અને બીસ્કીટ લાવ્યા બાદ પોતાના માસુમ બાળકોને આ કઠણ કાળજાના માનવીએ ઝેરી બીસ્કીટ ચા સાથે ખવડાવી દીધા હતા. જે તેની પત્નિ એ નજરે જોયુ હતુ. ત્યારબાદ પતિ બજારમાં જતો રહયો હતો અને થોડીક જ વારમાં ફુલ જેવા માસુમ બાળકોને વામીટ થવા માંડી અને બેભાન થઈ ગયા હતા અને મોઢે ફીણ આવી જતાં હોસ્પીટલ લઈ જતાં જતાં આ માસુમ બાળકો મોતને ભેટયા હતા. ત્યારે આ અંગે યમરાજ



પિતા અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં બે માસુમ બાળકોની હત્યાનો ગુનો નોધી ધરપકડ કરવામાં આવી હતી. જે અંગેનો કેસ મોડાસાની સેસન્સ કોર્ટમાં ચાલી જતાં આજરોજ સેસન્સ કોર્ટના જજ એસ એન. મહેતાએ આ યમરાજ પિતાને ઉમ્રકેદની સજા અને ૨૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો અને જો દંડ ન ભરે તો ૩ માસની વધુ સજાનો હુકમ કરતાં પોતાના બે માસુમ બાળકોને ખોનાર માતાની આંખમાં આજે એક યમરાજ પતિને સજા થતી જોઈ અને પોતાના ફુલ જેવા બાળકોને ન્યાય મળતા આંખમાં આસુ ઉભરાઈ આવ્યા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# હાથમતી નદીના બ્રિજ નીચે બે ગૌ-વંશની કરપીણ હત્યા

## ગૌ-વંશની કરપીણ હત્યા કરી કોથળામાં ભરી ફેંકી દેતાં ચકચાર

ભિલોડા, તા. ૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા હાથમતી નદીના બ્રીજ નીચે બે ગૌ-વંશ (ગાય કે બળદ)ને મારી નાખી કરપીણ હત્યા કરી કોથળામાં ભરી ફેકી દેતાં ચકચાર મચી જવા પામી છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગૌ-રક્ષકો અને જીવદયા પ્રેમીઓની લાગણી અત્યંત હૃદયપુર્વક દુભાઈ હતી.

ભિલોડા તાલુકાના રામનગર ગામના જીવદયા પ્રેમી સંકેતકુમાર ચૌધરી-અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક અધ્યક્ષ, યજ્ઞેશભાઈ પંચાલ અને ગૌ-રક્ષકો, જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ કોઈ અજાણ્યા નરાધમોએ ભિલોડા હાથમતી નદીના બ્રીજ નીચે ગૌ-વંશ (ગાય કે બળદ)ને મારી નાખી કરપીણ હત્યા કરી કાન, પગ, પુછડીના ટુકડા કરી કોથળામાં ભરી ફેકી દેતાં ચકચાર મચી જવા પામી છે. ગૌ-વંશના કાનના ટુકડા ઉપર વિમાનો ટેગ પણ મળી આવતા ખડભડાટ મચી ગયો હતો. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગૌ-વંશની ક્યા કારણોસર કરપીણ હત્યા કરાઈ હશે? આ બનાવ સંદર્ભે અનેક તર્ક-વિતર્ક કરાઈ રહ્યા છે ત્યારે ભિલોડામાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે. ભિલોડા હાથમતી નદીના બ્રીજ ઉપર ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટ્યા હતા. ભિલોડા પોલીસ ધ્વારા ગૌ-વંશની હત્યા કરનાર હત્યારાઓને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કરાયા હોવાનું સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા હાથમતી બ્રીજ નીચે બે ગૌ-વંશ(ગાય કે બળદ)ને મારી નાખી કરપીણ હત્યા કરી કોથળામાં ભરી ફેકી દેવાના બનાવ સંદર્ભે રામનગર ગામના સંકેતભાઈ ચૌધરીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગૌ-વંશની કરપીણ હત્યાના બનાવ સંદર્ભે અજાણ્યા નરાધમો વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ફર્સ્ટ ગુના નંબર.૦૦૩૩/૧૫ ઈ.પી.કો. કલમ ૪૨૯, ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ કલમ ૫, ૬, ૬ (ખ) (૧) (૨) (૩) તથા ૮ તથા પશુ ઉપર અસાધારણ અત્યાચાર ૧૯૬૦ કલમ ૨૯ (૨) તથા પશુ પ્રત્યે ઘાતકીપણા ૧૯૬૦ કલમ (૧) ડી. ઈ.એફ. મુજબ ગુનો દર્જ કરાયો છે. સી.પી.આઈ. એસ.જે.મોદી ગૌ-વંશની હત્યાના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.



(જીત ત્રિવેદી, ભિલોડા)